# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ૦૫/૦3/૨૦૨૦, ગુરુવાર)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ ૦૫/૦3/૨૦૨૦, ગુરુવારના રોજ બપોરના ૦૩ઃ૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી ઃ-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | શ્રી નારાયણ માધુ, પ્રતિનિધી ડાયરેકટર (કમિશ્નર ઓફ હાયર એજયુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૩) | પ્રો. બી. જે. પંચાલ, પ્રતિનિધી ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજયુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | ડૉ. આર. દિક્ષીત, પ્રતિનિધી ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજયુકેશન |
| ૫) | ડૉ. કે. સી. પટેલ |
| ૬) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૭) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૮) | ડૉ. ભાવેશ ડી. પટેલ |
| ૯) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૧૦) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી |
| ૧૧) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૨) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૩) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૪) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૧૫) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૧૬) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૭) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ |
| ૧૮) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૯) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૨૦) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

| | |
|---|---|
| ૧) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૨) | શ્રી મનિષ એસ. પટેલ |
| ૩) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ |
| ૪) | શ્રી રાહુલ આનંદ દલાલ |
| ૫) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

શ્રી અલ્પેશ પુરોહિતને તા.૧૬-૦૮-૨૦૧૯ની સિન્ડિકેટ સભાના ઠરાવ અનુસાર તા.૧૫-૦૮-૨૦૨૦ સુધી સિન્ડિકેટની કોઇપણ સભામાં હાજરીમાંથી બાકાત રાખવામાં આવે છે.

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ ૨૬/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧ થી ૧૦)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૬/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ ૨૬/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ ૨)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૬/૦૨/૨૦૨૦ને બુધવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**
**સભાની કાર્યસૂચિની બાબત શરૂઆત કરતા અગાઉ, સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. એમ. જી. મન્સુરી અને ડૉ. વિજયસિંહ એમ.વનારે અધ્યક્ષશ્રીની મંજૂરી મેળવી તા.૩૧-૧૨-૨૦૧૯ની સિન્ડિકેટ સભામાં ઠરાવ ક્રમાંકઃ૨૦થી જે. એન્ડ જે. સાયન્સ કોલેજ, નડીયાદ કોલેજના આચાર્યશ્રીને રૂા.૧/- ટોકન દંડ કર્યો હતો, તે માફ કરવા પુનઃવિનંતી કરી હતી.**
**સદર બાબતે આથી ઠરાવવામાં આવે છે કે સદર કોલેજના આચાર્યશ્રીને કરેલ દંડ માફ કરવો.**

## (એકેડેમિક વિભાગ)

૩. સ્ટેચ્યૂટ-૭૬ અન્વયે વિવિધ અભ્યાસ સમિતિઓની નવરચના અને જે તે અભ્યાસ સમિતિના અધ્યક્ષશ્રીઓ(ચેરમેન)ની સ્ટેચ્યૂટ-૭૮ અન્વયે નિમણૂંક કરવા બાબત. (બિડાણઃ૩ પૃ.૧૧ થી ૩૯)

(નોંધઃ ૧. તા. ૨૬-૦૨-૨૦૨૦ ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના ઠરાવઃ૧૭ના અનુસંધાનમાં સ્ટેચ્યૂટ-૭૬ માટે નિયુકત સમિતિની તા.૦૨-૦૩-૨૦૨૦ના રોજ મળેલી સભાની ભલામણ મુજબ વિવિધ અભ્યાસ સમિતિઓની સુધારેલ યાદી તૈયાર કરવામાં આવેલ છે.
૨. BoS Industrial Chemistry હાલ પુરતી મૂલતવી રાખવામાં આવ્યું છે. )

**આથી ઠરાવવામાં આવે છે કે**
**૧). નીચે પ્રમાણેના બોર્ડ ઓફ સ્ટડીઝ મર્જ (સમઆયોજીત)કરવા.**
- **ઈકોનોમિકસ + કોઓપરેશન**
- **સંસ્કૃત + લોજીકલ એન્ડ ફીલોસોફી**
- **હીસ્ટ્રી + જીઓગ્રાફી**

**૨). કાર્યસૂચિનાં બિડાણઃ૩, પૃઃ૧૧ થી૩૯માં દર્શાવ્યા પ્રમાણે વિનયન વિદ્યાશાખા, વિજ્ઞાન વિદ્યાશાખા, બિઝનેશ સ્ટડીઝ(કોમર્સ) વિદ્યાશાખા, કાયદાશાસ્ત્ર વિદ્યાશાખા, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા, ગૃહ વિજ્ઞાન વિદ્યાશાખા અને મેનેજમેન્ટ વિદ્યાશાખા અંતર્ગત દર્શાવેલ અલગ અલગ અભ્યાસક્રમો માટે વિવિધ પૃષ્ઠમાં દર્શાવ્યા પ્રમાણે અભ્યાસ સમિતિઓની રચના તારીખઃ૦૬/૦૩/૨૦૨૦ થી તારીખઃ૦૫/૦૩/૨૦૨૩ સુધી કરવી.**

**તથા**

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત વિવિધ અભ્યાસ સમિતિઓનાં અધ્યક્ષોની નિમણૂંક કરવાની સતા કુલપતિશ્રીને આપવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૪. તારીખ:૦૨/૦૩/૨૦૨૦ સોમવારના રોજ મળેલ તાકીદની બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણ:૪ પૃ: કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખ:૦૨/૦૩/૨૦૨૦ સોમવારના રોજ મળેલ તાકીદની બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

**સદર બાબતે કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય અને કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પ્રતિનિધીઓ શ્રી નારાયણ માધુ અને શ્રી બી. જે પંચાલે વિરોધ નોંધાવ્યો હતો.**

**(જનરલ વિભાગ)**

૫. યુનિવર્સિટીના તારીખ:૨૯/૦૨/૨૦૨૦ ના પત્રથી દાતાશ્રી દેવાંગભાઇ પટેલને દાન માટે કરેલી વિનંતીના અનુંસધાનમાં તા.૦૨-૦૩-૨૦૨૦ના રોજ મળેલ શ્રી દેવાંગભાઇ પટેલ વતી શ્રી કાન્તીભાઇ જોશી(ટ્રસ્ટી)નો પત્ર વંચાણે લઇ વિચારણા કરવા બાબત. (બિડાણ:૫ પૃ:.૪૦ થી ૪૧)

**આથી ઠરાવવામાં આવે છે કે ૧). સ્વિમિંગ પુલ માટે દાતાશ્રી દેવાંગભાઇએ સૂચવેલ રૂા. ૧ કરોડના દાનનો સહર્ષ સ્વીકાર કરવો ૨). યુનિવર્સિટી સ્વિમિંગ પુલનું નામકરણ સરદાર પટેલ યુનિવર્સિટી સ્વિમિંગ પુલ અને ઇપ્કોવાલા વોટર સ્પોર્ટસ કોમ્પલેક્ષ રાખવું.**

અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ થયેલ બાબત: **(એકેડેમિક વિભાગ)**

Study in Gujarat(SIG) અંતર્ગત પૂર્વોત્તર રાજ્યો, Seven Sister Statesમાં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રસાર-પ્રચાર અભિયાન બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સ્ટડી ઇન ગુજરાત અંગેનો પ્રસાર-પ્રચાર અભિયાનને બહાલી આપવામાં આવી અને રૂા. ૧૦ લાખના ખર્ચને મંજૂર કરવો તથા ગુજરાત રાજ્યની બહારના રાજ્યોને સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી અનુસ્નાતક અભ્યાસક્રમો માટે પ્રોત્સાહિત કરવાની બાબતની નોંધ લેવી.**

નંબર: કે.૪/૬૪૧૯
વલ્લભ વિદ્યાનગર
તારીખ :૦૬/૦૩/૨૦૨૦

કા. કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.